જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૧/૨૦૧૮ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૪/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૬૮ લીટર દેશી દારૂ અને ૪ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી ૨૬ વ્યક્તિઓની અટક કરી રોકડ રૂપિયા ૪૧,૯૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૫/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## બિનવારસી નવજાત ભુણ મૃત હાલતમાં મળ્યુ: સમાચાર યાદી નં.૧૬૬/૧૮

**ગોમતીપુર :** રજનીકાંત જયંતીભાઈ સોલંકી (રહે,તુલસી પાર્ક સોસાયટી, ઝુલતા મીનારા પાસે, ગોમતીપુર) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૧/૨૦૧૮ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે કોઇક અજાણી સ્ત્રી/પુરૂષે બાળકનો જન્મ છુપાવાના ઇરાદે રજનીકાંતના ઘરની પાછળ ગટરની ચેમ્બરની અંદર મૃત હાલતમાં ચાર-પાંચ મહીનાનું માનવભુણ બિનવારસી ત્યજી દિધેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.મેકવાન ચલાવે છે.

## બિનવારસી હાલતમાં નવજાત શીશુ મળ્યુ : સમાચાર યાદી નં.૧૬૭/૧૮

**કાગડાપીઠ :** તા.૨૪/૦૧/૨૦૧૮ ના કલાક ૦૧/૫૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે કોઇક અજાણી સ્ત્રી/પુરૂષે બહેરામપુરા વાડીલાલ છગનલાલની ચાલી નજીક એક તાજુ જન્મેલુ બાળક (બાબો)(ઉંમર આશરે ૪ દિવસ) ને ઓટો રીક્ષા નંબર જીજે.૦૧.બી.ટી.૩૨૮૨ માં ત્યજી દિધેલ બિનવારસી હાલતમાં કાગડાપીઠ પોલીસને મળી આવતાં, કાગડાપીઠ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.બી.બાલીયા ચલાવે છે.

**<u>છેતરપીંડી અને વિશ્વાસઘાતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૮/૧૮</u>**

**નારોલ :** જયદેવીદાસ મેમન (ઉ.વ.૫૦)(રહે,ચીત્રકુટ ફ્લેટ ટાઇમ્સ ઓફ ઇન્ડીયાની પાછળ આશ્રમરોડ) એ તા.૨૪/૧/૧૮ નારોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ગત નવેમ્બર/૨૦૧૬ દરમ્યાન આરોપી ભાવેશભાઇ સુરેશભાઇ પરમાર (ઉ.વ.૩૨)(રહે,જયલીલા પાર્ક સોસાયટી, ભાડુઆત નગર ઇસનપુર) એ નારોલ ખાતે આવેલ નંદા ઓટો પ્રાલી.નામની મારૂતી સુઝુકી ખાતે સંસ્થાના માણસો પાસે થી ઇન્સ્યોરંન્સના પ્રિમિયમ ઉઘરાણી કરી તે પ્રિમિયમ સંસ્થામા નહી ભરી તે પ્રિમિયમની રકમ ૪,૮૪,૫૯૦/- ની ઉચાપત કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી રાઠોડ ચલાવે છે.

**<u>વાહન ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૯/૧૮</u>**

**ગોમતીપુર :** આરીફખાન ખેરાતીખાન પઠાણ (રહે,બારાસાંચાની ચાલી, લકી હોટેલની સામે હિમાદ્રી મીલ પાસે ન્યુ ઇન્ડીયા બુલ્સ ચારતોડા કબ્રસ્તાન ગોમતીપુર) એ તા.૧૯/૦૧/૧૮ ના કલાક ૦૪/૦૦ વાગ્યાના સુમારે ગોમતીપુર ઇન્ડીયા બુલ્સ ની બાજુમાં, છોટી મસ્જીદ સામે એ.બી.ટ્રેડર્સ નામની દુકાન આગળ રોડ પર પોતાની બોલેરો પિકઅપ ગાડી નંબર જીજે.૦૮.વી.૩૧૭૮ કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૪/૧/૧૮ બપોરના ૨/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ આરીફખાન પઠાણે ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.યાદવ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૦/૧૮</u>**

**ગોમતીપુર :** રમણભાઇ જેસીંગભાઇ પરમાર(ઉ.વ.૬૦)(રહે,સત્યમ ફ્લેટ ગોમતીપુર રાયપુર મીલ પાસે ગોમતીપુર) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૧/૧૭ સાંજનાં ૪/૩૫ વાગ્યાના સુમારે ગોમતીપુર રખિયાલ રોડ પ્રકાશ પેટ્રોલ પંપ નજીક રમણભાઇ નાં દિકરા જતીનભાઇ (ઉ.વ.૧૯) તેનું એકટીવા લઇ રોડ ક્રોસ કરતા હતા દરમ્યાન એક ડમ્ફર નંબર જીજે.૦૧.સી.વાય.૦૧૧૧ ના ચાલકે તેના કબ્જાનું ડમ્ફર પુરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી, એક્ટીવા ને આગળના ભાગેથી ટકકર મારતાં, રોડ ઉપર પડી જતાં, જતીનભાઇ ઉપર ડમ્ફર ચડાવી દેતાં, માથાના ભાગે તથા શરીરેના ભાગે ગંભીર ઇજાઓ થતાં જતીનભાઇનું સ્થળ ઉપર મૃત્યુનિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એસ.ઝાલા ચલાવે છે.

**દાણીલીમડા :** તાજમહમદ જાનમહમદ શેખ (ઉ.વ.૫૮)(રહે,રહેમતી મહોલ્લો અલ્લાનગર દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૧/૧૭ રાતનાં ૯/૧૫ વાગ્યાના સુમારે નેશનલ ફેકટરી ઢોર બજાર ચાર રસ્તા પાસે રોડ ઉપર તાજમહમદ નો દિકરો પોતાની એક્ટીવાની પાછળ તાજમહમદના ભાણીયા મહમદમોશીન કાસમઅલી શેખ (ઉ.વ.૨૨)(રહે.રહેમતી મોહલ્લો દાણીલીમડા) ને બેસાડી પસાર થઇ રહ્યો હતો દરમ્યાન એક ટેન્કર નંબર જીજે.૧૬.વી.૩૬૧૧ ના ચાલકે એક્ટીવાને ટક્કર મારી પાડી દેતા, ભાણીયા મહમદમોશીન ને માથાના ભાગે તથા કપાળના ભાગે ગંભીર ઇજાઓ થતાં તેનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જી.જલવાણી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૧/૧૮**

ઘાટલોડીયા : અરવિંદભાઇ પુંજાજી ઠાકોર (ઉ.વ.૫૦)(રહે,ઠાકોરવાસ સર્જન ટાવર પાસે મેમનગર ગામ) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૨/૧/૧૮ સાંજનાં ૭/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે એસીડ પી લેતાં, સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૪/૧/૧૮ ના કલાક 03/00 વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહિપતસિહ તખતસિહ ચલાવે છે.

**વેજલપુર :** અલ્ફીના ડો/ઓ ચાંદમીયા શેખ (ઉ.વ.૧૮) (રહે,એસ.આર ડુપ્લેક્ષ મોમીનપાર્ક ની પાછળ ફતેહવાડી) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૪/૧/૧૮ બપોરના ૨/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.લાખણોત્રા ચલાવે છે.

**દાણીલીમડા :** નિકીતાબેન સ/ઓ વસંતભાઇ જાદવ (ઉ.વ.૨૩)(રહે,કનુભાઇ બેચરદાસની ચાલી દાણીલીમડા) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૪/૧/૧૮ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.પટેલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.